| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૧૬/૦૮/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૩૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૬ લીટર દેશી દારૂ, ૧૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨૮ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧,૦૧,૫૭/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૪૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૪૧/૨૦૨૩

**ઇસનપુરઃ** જયેશભાઈ ઘનશ્યામભાઈ ભલગામા (રહે.પ્રેસ્ટીઝ બંગ્લોઝ પુનીતનગર ક્રોસિંગ પાસે વટવા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૩ રાતના ૮/૪૫ થી તા.૧૫/૦૮/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇસનપુર ખાતે આવેલ પોતાના “દર્શન સાયકોહોલીક” નામના શો રૂમના શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ શો-રૂમમાં પ્રવેશ કરી, ઈલેકટ્રીક અને સાદી સાયકલો તેમજ ઈલેકટ્રીક બાઈક અને ઈલેકટ્રીક ગાડી મળી કુલ કિંમત રૂપિયા ૯૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૨/૨૦૨૩**

**સેટેલાઇટઃ** કંચનબા વા/ઓ અજીતસિંહ ઝાલા (ઉ.વ.૭૩)(રહે,રિધ્ધી-સિધ્ધી એપાર્ટમેન્ટ, સુર્યપુજા એપાર્ટમેન્ટની બાજુમાં, સેટેલાઈટ) તા.૧૫/૦૮/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ગણેશ ડેરી પાર્લર સામે, સુર્યપુજા એપાર્ટમેન્ટની બાજુમાં સ્ટાર બજારની ગલીમાંથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કંચનબાના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કંચનબા ઝાલાએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**કાગડાપીઠઃ** તન્જીમબાનુ વા/ઓ અફઝલ બાવજીર (ઉ.વ.૨૯)(રહે, ગામ.વઘઇ તા.વઘઇ જી. ડાંગ) તા.૧૫/૦૮/૨૦૨૩ કલાક ૫/૪૦ વાગ્યાનાં સુમારે ઘંટાકર્ણ માર્કેટ સામેથી ઓટોરીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ તન્જીમબાનુના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તન્જીમબાનુ બાવજીર એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**પર્સ ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૩/૨૦૨૩**

**પાલડીઃ** નિશાબહેન ડો/ઓ સુરેશકુમાર લાલા (ઉ.વ.૩૯)(રહે.વિનશ પાર્ક વેજલપુર) તા.૧૪/૦૮/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ઓટોરિક્ષામાં બેસી મણીનગરથી વેજલપુર જતા આંબેડકરબ્રીજ મધ્ય ભાગ પસાર કરી પાલડી તરફ ઉતરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો નિશાબહેનના ખોળામાંથી પર્સ ખેંચી ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં (૧) મોબાઈલ નંગ-૩ કિંમત રૂપિયા ૭૩,૦૦૦/- (૨) ઘડીયાળ કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૩) રોકડ રૂપિયા ૨,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ નિશાબહેન લાલાએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી કેશાભાઇ મણાભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૪/૨૦૨૩**

**"એસ.જી.હાઈવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રમણીકભાઈ ડાયાભાઈ ચાવડા (ઉ.વ.૩૪)(મુળ વતન. ગામ-જેગડવા તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર) તા.૧૩/૦૮/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે એસ.જી. હાઈવે સનાથળ ટ્રેક ઓવરબ્રીજ ઉજાલાથી રીંગ રોડ તરફ જતા નારાયણ બીઝનેશ સ્કુલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રમણીકભાઈના મોટર સાયકલને ટક્કર મારતા રમણીકભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રમણીકભાઈના મિત્ર કાનજીભાઈ ચંદુભાઈ વેગડાએ એસ.જી.હાઈવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.દેસાઈ ચલાવે છે.

**સાપ કરડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૫/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** ચાંદલોડીયા રામબાગ આવાસ પાસે, "વિસ્તારા" નામની નવી બનતી સાઈટની લેબર કોલોનીમાં રહેતા અને ત્યાં જ કામ કરતા નોનીલાલ ચુનીલાલ યાદવ (ઉ.વ.૪૬)(મુળ વતન. ગામ-ગડીયા મનગઢ, તા.જબેરા, જી.દબો, મધ્યપ્રદેશ) તા.૦૯/૦૮/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે કામ કરતા હતા ત્યારે પગના પંજા પાસે સાપ કરડતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૬/૨૦૨૩**

**વટવાઃ** મહેશકુમાર રાજેન્દ્રપ્રસાદ જોષી (ઉ.વ.૬૧)(રહે.સિધ્ધેશ્વર પાર્ક સોસાયટી, કેશવનગર સામે ધોડાસર વટવા) તા.૧૫/૦૮/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પુનિતનગર ફાટક થાભલા નં-૪૮૯/૨૨ થી ૪૮૯/૨૩ વચ્ચે ટ્રેઇનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સાંજના ૫/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૭/૨૦૨૩**

**શહેરકોટડાઃ** હીરાબહેન કાન્તીભાઇ પટણી (ઉ.વ.૫૧)(રહે.પતરાવાળી ચાલી, મિલન સિનેમા રોડ, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાના મોભ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**નારોલઃ** અફસાના વા/ઓ તસલીમ અંસારી (ઉ.વ.૪૦)(રહે.અમનનગર ચીડીયાઘર પમ્પીંગ સ્ટેશન પાસે કેનાલ રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૮/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી